| |
|---|
| ૩૦૦૦ કી.ગ્રા.થી ૭૫૦૦ કી.ગ્રા. સુધીનું ગ્રોસ વ્હીકલ વેઈટ ધરાવતા માલ વાહક વાહનપર ઉચ્ચક વેરો લેવા બાબત. |

વાહન વ્યવહાર કમિશ્નરશ્રીની કચેરી,
બ્લોક નં.૬,૨/૩ માળ,
ડૉ જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર
પરિપત્ર ક્રમાંક એમવીપી-વેરાનાદર-૧૫૫૮
તારીખ . ૧- ૪ -૨૦૧૦.

## -: પ રિ પ ત્ર :-

**વંચાણે લીધા:-**

૧. મુંબઈ મોટર વાહન વેરા (ગુજરાત સુધારા) અધિનિયમ, નં. ૫/૨૦૧૦
૨. બં અને વા.વ્ય. વિભાગના જાહેરનામા ક્રમાંક :-પીટી-૨૦૧૦-૧૪-એમવીડી-૧૦૨૦૧૦-૪૦૫-ખ, તા. ૩૧-૩-૨૦૧૦ .
૩. બં અને વા.વ્ય. વિભાગના જાહેરનામા ક્રમાંક :-પીટી-૨૦૧૦-૧૫-એમવીડી-૧૦૨૦૧૦-૪૦૫-ખ, તા. ૩૧-૩-૨૦૧૦.
૪. બં અને વા.વ્ય. વિભાગના જાહેરનામા ક્રમાંક :-પીટી-૨૦૧૦-૧૬-એમવીડી-૧૦૨૦૧૦-૪૦૫-ખ, તા. ૩૧-૩-૨૦૧૦.
૫. બં અને વા.વ્ય. વિભાગના જાહેરનામા ક્રમાંક :-પીટી-૨૦૧૦-૧૭-એમવીડી-૧૦૨૦૧૦-૪૦૫-ખ, તા. ૩૧-૩-૨૦૧૦.
૬. બં અને વા.વ્ય. વિભાગના જાહેરનામા ક્રમાંક :-પીટી-૨૦૧૦-૧૯-એમવીડી-૧૦૨૦૧૦-૪૦૫-ખ, તા. ૩૧-૩-૨૦૧૦.

**આમુખ:-**

હાલ ૩૦૦૦ કી.ગ્રા. સુધીનું ગ્રોસ વ્હીકલવેઈટ ધરાવતા માલ વાહક વાહનો પર તેની વેચાણ કિંમતના ૬% લેખે ઉચ્ચકવેરો વસૂલવામાં આવે છે. વંચાણે લીધા (૧) થી હવે ૩૦૦૦ કી.ગ્રા.થી ૭૫૦૦ કી.ગ્રા. સુધીનું ગ્રોસ વ્હીકલ્સ વેઈટ ધરાવતા માલવાહક વાહનો પર ઉચ્ચક વેરો લેવાની જોગવાઈ કરવામાં આવી છે. આ વાહનોના ઉચ્ચકવેરાના દર તેમજ જૂના વાહનો પર વસૂલવાના થતા ઉચ્ચકવેરાની પધ્ધતિ અંગે રાજય સરકારે અનુક્રમે વંચાણે લીધા (૨), (૩), (૪) , (૫) અને (૬) થી જાહેરનામા બહાર પાડેલ છે. જેની નકલ સંદર્ભ માટે સામેલ છે. આ ફેરફારોની સમજૂતી નીચે પ્રમાણે આપવામાં આવે છે.

**૧. નવા વાહનો પર ઉચ્ચકવેરો :-**

તા. ૧-૪-૨૦૧૦નાં રોજ કે તેના પછી નોંધાનાર ૩૦૦૦ કી.ગ્રા.થી ૭૫૦૦ કીગ્રા. સુધીનું વજન ધરાવતા માલવાહક વાહનો પર નોંધણી વખતે તેની વેચાણ કિંમત (વેટ સિવાયની કિંમત)ના ૬% લેખે ઉચ્ચક વેરો વસુલ કરવાનો રહેશે.

**૨. જૂના વાહનો માટે ઉચ્ચકવેરો ગણવાની પધ્ધતિ :-**

(૧) તા. ૧-૪-૨૦૧૦ પહેલા નોંધાયેલા વાહનો પર તેની તા. ૧-૪-૨૦૧૦ના રોજ ની વેચાણ કિંમતના ૬% લેખે ગણતરી કરી "વેરો" નકકી કરવાની રહેશે.

(૨) ત્યાર બાદ તેમની નોંધણીની તારીખથી ગણતરી કરી તા. ૧-૪-૨૦૧૦ નાં રોજ થતી ઉંમરના (પૂરા થયેલ વર્ષો ) પ્રમાણમાં નીચે પ્રમાણે વેરોમાંથી બાદ આપી ઉચ્ચક વેરાની ગણતરી કરવાની રહેશે.

| નોંધણીની તારીખથી તા. ૧-૪-૨૦૧૦ ના રોજ વાહનની ઉંમર | ભરવાપાત્ર ઉચ્ચક વેરો |
|---|---|
| ૧ વર્ષ | વાહનના ભરવા પાત્ર વેરાના ૧૦૦ % લેખે વેરો ભરવાનો રહેશે. |
| ૧ વર્ષ થી ૨ વર્ષ | ભરવા પાત્ર વેરાના ૯૦ % લેખે વેરો ભરવાનો રહેશે. |
| ૨ વર્ષ થી ૩ વર્ષ | ભરવા પાત્ર વેરાના ૮૦ % લેખે વેરો ભરવાનો રહેશે. |
| ૩ વર્ષ થી ૪ વર્ષ | ભરવા પાત્ર વેરાના ૭૦ % લેખે વેરો ભરવાનો રહેશે. |
| ૪ વર્ષ થી ૫ વર્ષ | ભરવા પાત્ર વેરાના ૬૦ % લેખે વેરો ભરવાનો રહેશે. |
| ૫ વર્ષ થી ૬ વર્ષ | ભરવા પાત્ર વેરાના ૫૦ % લેખે વેરો ભરવાનો રહેશે. |
| ૬ વર્ષ થી ૭ વર્ષ | ભરવા પાત્ર વેરાના ૪૦ % લેખે વેરો ભરવાનો રહેશે. |
| ૭ વર્ષ કે તેથી વધુ | ભરવા પાત્ર વેરાના ૩૦ % લેખે વેરો ભરવાનો રહેશે. |

સને ૨૦૧૦-૨૦૧૧નો વેરો વાહન માલીકે ભરેલ હોય તો તે રકમ ભરવાપાત્ર વેરા સામે મજરે આપી દેવાની રહેશે.

ગણતરીની સમજૂતી માટે ના દાખલા પરિશિષ્ટ-૧માં દર્શાવેલ છે.

## ૩. જુના વાહનોનો ઉચ્ચકવેરો ભરવાની પધ્ધતિ :-

(૧) જુના વાહનો માટે ભરવા પાત્ર થતા ઉચ્ચકવેરા ની ગણતરી ઉપર મુજબ કરી તે વેરો બે સરખા હપ્તામાં ભરપાઇ કરવાની સુવિધા આપવામાં આવી છે.

(૨) પ્રથમ હપ્તો તા. ૨૦-૪-૨૦૧૦ સુધીમાં તથા બીજો હપ્તો તા. ૨૦-૧૦-૨૦૧૦ સુધીમાં ભરપાઇ કરવાનો રહેશે.

(૩) હપ્તો ભરવામાં ચુક અથવા વિલંબ થયા બદલ ટેક્ષની બાકી રકમ પર નિયમોનુસાર દંડ અને વ્યાજ લાગુ પડશે. બાકી રકમ એટલે નકકી કરેલ સમયમર્યાદામાં ભરવામાં ચુક કરેલ હોય તેવી/ તેટલી વેરાની રકમ ગણવાની રહેશે. આ અંગેની સમજુતીનો દાખલો પરિશિષ્ટ માં દર્શાવેલ છે.

## ૪. વેચાણ કિંમત નકકી કરવાની પધ્ધતિ :-

(૧) તા. ૧-૪-૨૦૧૦નાં રોજ કે તેના પછી નોંધણી માટે આવતા વાહનો માટે તેના ઇનવોઇસમાં લખેલી વેચાણ કિંમત (વેટ સિવાયની કિંમત) લક્ષમાં લેવાની રહેશે.

(૨) તા. ૧-૪-૨૦૧૦ પહેલા નોંધાયેલા વાહનો સંબંધમાં વેરાની ગણતરી માટે વાહનની તા. ૧-૪-૨૦૧૦ ની સ્થિતિએ જે વેચાણ કીંમત હોય તે ગણતરીમાં લેવાની રહેશે.

ઉપર જણાવ્યા પ્રમાણે કાર્યવાહી કરવા જણાવવામાં આવે છે.

સહી/-
વાહન વ્યવહાર કમિશ્નર,
ગુજરાત રાજય, ગાંધીનગર.

રવાના કરવા અધિકૃત,

સંયુકત વાહન વ્યવહાર નિયામક,
ગુજરાત રાજય, ગાંધીનગર.

બિડાણઃ- ઉપર મુજબ.

નકલ રવાના પ્રતિ,

૧. અંગત મદદનીશશ્રી, અધિક મુખ્ય સચિવશ્રી, બંદરો અને વાહન વ્યવહારનું કાર્યાલય , ૨જો માળ, બ્લોક નં.૨, સચિવાલય, ગાંધીનગર- અ.મુ.સશ્રી ને સવિનય જાણ સારૂ.
૨. નાયબ સચિવશ્રી, બંદરો અને વાહન વ્યવહાર વિભાગ, ૨જો બ્લોક, નવમો માળ, સચિવાલય, ગાંધીનગર- જાણ સારૂ.
૩. તમામ આરટીઓ/એઆરટીઓ/ ચેકપોસ્ટ ઇન્ચાર્જશ્રીઓ/ ઇન્ચાર્જશ્રી મોટર વાહન નિરીક્ષકશ્રીની કચેરી -જાણ તથા અમલ સારૂ.
૪. અખિલ ગુજરાત ટ્રાન્સપોર્ટ એસોસીએશન તથા અમદાવાદ ટ્રાન્સપોર્ટ એસોસીએશન- જાણ સારૂ.

# "પરિશિષ્ટ"

## ૩૦૦૦ કી.ગ્રા.થી ૭૫૦૦ કી.ગ્રા. સુધીનું ગ્રોસ વ્હીકલ્સ વેઇટ ધરાવતા માલવાહક વાહનો માટે ઉચ્ચકવેરાની ગણતરીની સમજૂતી માટેના દાખલા

<table>
<tr><th>અ.નં.</th><th>દાખલો</th><th>સમજૂતી</th></tr>
<tr><td>૧</td><td>તા. ૧-૪-૨૦૧૦ નાં રોજ કે તે પછી નોંધણી માટે આવતાં વાહનના ઇન્વોઇસમાં વેટ સિવાયની વેચાણ કિંમત રૂા. ૩,૫૦,૦૦૦/- છે તો તેનો વેરો કેટલો ભરપાઇ કરવાનો રહેશે.</td><td>વેચાણ કિંમત= રૂા. ૩,૫૦,૦૦૦/-<br>વેરાનો દર= વેચાણ કિંમતના ૬ %<br>ભરવાપાત્ર વેરો= રૂા. ૨૧,૦૦૦/- (ઉચ્ચક)(રૂા. ૩,૫૦,૦૦૦X૦.૦૬)</td></tr>
<tr><td>૨</td><td>તા. ૧-૩-૨૦૧૦નાં રોજ નોંધાયેલા વાહન માટે કેટલો અને કેવી રીતે ઉચ્ચક વેરો ભરવાનો રહેશે?</td><td>૧. તા. ૧-૩-૨૦૧૦નાં રોજ નોંધાયેલ વાહનની ઉંમર તા. ૧-૪-૧૦ નાં રોજ ૧ માસની થશે. અર્થાત એક વર્ષથી ઓછી છે તેથી ૧૦૦ % વેરો ભરવાનો થશે.<br>૨. વાહનની વેચાણ કિંમત ધારોકે રૂા. ૨,૫૦,૦૦૦/- છે તેથી વેચાણ કિંમતના ૬ % લેખે રૂા. ૧૫,૦૦૦/- (રૂા.૨,૫૦,૦૦૦ X ૦.૦૬)વેરો ભરપાઇ કરવાનો રહેશે.<br>૩. આ વેરો બે સરખા હપ્તામાં નીચે મુજબ ભરી શકશે.
<table>
<tr><th>અ.ન</th><th>હપ્તો</th><th>હપ્તાની રકમ</th><th>ભરવાની તારીખ</th></tr>
<tr><td>૧</td><td>પ્રથમ હપ્તો</td><td>રૂા. ૭,૫૦૦/-</td><td>તા. ૨૦-૪-૨૦૧૦ સુધીમાં</td></tr>
<tr><td>૨</td><td>બીજો હપ્તો</td><td>રૂા. ૭,૫૦૦/-</td><td>તા.૨૦-૧૦-૨૦૧૦ સુધીમાં</td></tr>
</table></td></tr>
<tr><td>૩</td><td>ઉપર દાખલા નં.(૨)માં દર્શાવેલા વાહનના માલીકે સને ૨૦૧૦-૨૦૧૧નો વેરો એડવાન્સમાં ભરપાઇ કરેલ હોય તો તે વેરો એડજેસ્ટ થઇ શકશે? કઇ રીતે?</td><td>(૧) હા, આ વેરો એડજેસ્ટ થઇ શકશે. આ વાહનનો વેરો રૂા. ૧૫,૦૦૦/- થાય છે તેમાંથી તે વાહન સંબંધમાં સને ૨૦૧૦-૨૦૧૧ નો ભરપાઇ થયેલ વેરો બાદ કરી બાકી વધતો વેરો સરખા હપ્તામાં ઉપર જણાવેલ તારીખમાં ભરપાઇ કરવાનો રહેશે.<br>(૨) ધારોકે આ વાહનનું ગ્રોસવ્હીકલ વેઇટ ૭.૫ ટન છે જેથી અગાઉની જોગવાઇ પ્રમાણે તેનો વાર્ષિક વેરો રૂા. ૪૯૨૫/- થાય છે. આ વાર્ષિક વેરો ભરેલ હોય તો આ રકમ હવે ભરવા પાત્ર વેરાના રૂા. ૧૫,૦૦૦/- માંથી બાદ કરતાં બાકી રકમ રૂા. ૧૦,૦૭૫/- ઉપર જણાવ્યા પ્રમાણે સરખા બે હપ્તામાં ભરપાઇ કરી શકાશે.</td></tr>
<tr><td>૪</td><td>તા. ૧-૮-૦૫ નાં રોજ નોંધાયેલા વાહનનો ઉચ્ચકવેરો કેવી રીતે ગણવો?</td><td>તા. ૧-૪-૨૦૧૦ની સ્થિતીએ આ વાહનની ઉંમર પાંચ વર્ષ (પૂરા થયેલ વર્ષ)
<table>
<tr><td>વાહનની વેચાણ કિંમત(તા.૧-૪-૧૦ ની સ્થિતિએ)</td><td>રૂા. ૪,૦૦,૦૦૦/-</td><td rowspan="3">વાહન ચાર વર્ષ જુનુ છે તેથી વેરાના ૬૦% ભરવાના રહેશે.</td></tr>
<tr><td>વેરાનો દર</td><td>૬ %</td></tr>
<tr><td>વેરો</td><td>(રૂા. ૪,૦૦,૦૦૦ X ૦.૦૬)<br>= રૂા. ૨૪,૦૦૦/-</td></tr>
</table>
તેથી વેરાની રકમ રૂા. ૧૪,૪૦૦/- (રૂા. ૨૪,૦૦૦ X ૦.૬) થશે. આ રકમ ભરવા માટે ઉપર જણાવ્યા પ્રમાણે બે સરખા છ માસીક હપ્તાની સુવીધા ઉપલબ્ધ છે.</td></tr>
</table>

| | | | | |
|---|---|---|---|---|
| ૫ | ઉપર જણાવેલા વાહનનો માલિક પ્રથમ હપ્તો ભર્યા બાદ બીજો હપ્તો ભરવામાં વિલંબ કરે છે તો કેટલી રકમ પર દંડ અને વ્યાજ લાગશે ? | ભરવાપાત્ર વેરાની કુલ રકમ | રૂા. ૧૪,૪૦૦/- | |
| | | પ્રથમ હપ્તાની રકમ | રૂા. ૭,૨૦૦/- | ભરપાઈ કરવાની તારીખ ૨૦-૧-૨૦૧૦ |
| | | બીજા હપ્તાની રકમ | રૂા. ૭,૨૦૦/- | ભરપાઈ કરવાની તારીખ ૧-૧૦-૨૦૧૦થી ૨૦-૧૦-૨૦૧૦ સુધીમાં |
| | | બીજો હપ્તો ભરાયેલ નહી હોવાથી નિયમોનુસાર રૂા૭,૨૦૦/- પર દંડ અને વ્યાજ લાગુ પડશે. | | |